પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૯૦ | ૧૦ જુન, ૨૦૧૭, શનિવાર ; જયેષ્ઠ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### નાસાના ૧૨ નવા અવકાશયાત્રીઓમાં ભારતીયની પસંદગી



નાસાના નવા પસંદગી પામેલ ૧૨ અવકાશયાત્રીઓમાં ૩૯ વર્ષીય અમેરિકન ભારતીયનો સમાવેશ કરાયો છે. લે. કર્નલ રાજા ગિરિંદરચારી તે પૈકીના એક છે. ૧૮૩૦૦ અરજદારોમાંથી ૭ પુરુષો અને ૫ મહિલા એમ ૧૨ની પસંદગી કરવામાં આવી છે.

### ભારત વિશ્વનું બીજું સૌથી મોટું સ્માર્ટ માર્કેટ બનશે



હવે ભારત અમેરિકાને પાછળ રાખી વિશ્વનું બીજું સૌથી મોટું સ્માર્ટફોન માર્કેટ બનશે. દેશમાં ઈન્ટરનેટનો ઉપયોગ વધતા આ વર્ષે દેશમાં ૧૨૭ મીલીયન સ્માર્ટ ફોન વેચાવાનો અંદાજ છે.

### કપિલ મિશ્રા કેજરીવાલના ઘરે પહોંચ્યા



આમ આદમી પાર્ટીનો ગૃહકંકાસ હજુ શમવાનો નામ લેતો નથી. બળવાખોર નેતા કપિલ મિશ્રાએ કેજરીવાલના ઘર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કેજરીવાલના જનતા દરબારમાં તેમના કેટલાક પ્રસ્તાવ લઈને પહોંચ્યા હતા.

### કુંબલે જ રહેશે ટીમનો કોચ



સચિન તેંડુલકર, સૌરવ ગાંગુલી અને વીવીએસ લક્ષ્મણના નેતૃત્વ હેઠળ ચાલતી બીસીસીઆઈની એડવાઈઝરી કમિટિએ અનિલ કુંબલેને જ કોચ તરીકે યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે.

# ઝિંગપિંગ-મોદી વચ્ચે મજબૂત સંબંધો માટે ચર્ચા

## એસસીઓમાં ભારતને ટેકો આપવા બદલ ચીનનો આભાર મનાયો : સંબંધોને મજબૂત કઇ રીતે કરી શકાય તે વિષય પર ઝિંગપિંગ સાથે વાતચીત થઇ હોવાનો મોદીએ દાવો કર્યો : દ્વિપક્ષીય મુદ્દા પણ છવાયા હોવાના અહેવાલ



અસ્તાના,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કઝાકિસ્તાનના પાટનગર અસ્તાનામાં ચીની પ્રમુખ શી જિંગ પિંગ સાથે વાતચીત કરી હતી. સાથેસાથે શંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)માં ભારતના સંપૂર્ણ સભ્યપદ માટે ટેકો આપવા બદલ ચીનનો આભાર માન્યો હતો. ચીની પ્રમુખ સાથે વાતચીત કર્યા બાદ મોદીએ કહ્યું હતું કે, આ વાતચીત ખુબ જ સફળ રહી છે. જુદા જુદા વિષય ઉપર ચર્ચા થઇ છે. જિંગપિંગ સાથે બેઠક બાદ મોદીએ ટ્વિટર પર કહ્યું હતું કે બંને દેશોના સંબંધો ઉપર ચર્ચા થઇ હતી. સંબંધોને કઇ રીતે સુધારી શકાય તે મુદ્દા ઉપર ચર્ચા થઇ હતી. શાસક કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાના જનરલ સેક્રેટરી જિંગપિંગ સાથે આ વાતચીત લાંબાગાળા બાદ યોજાઈ હતી. આ વર્ષે તેમની વચ્ચે આ પ્રથમ બેઠક હતી. રશિયન પ્રમુખ પુટિન દ્વારા જે બેઠકમાં હાજરી અપાઈ હતી તે ઓબીઓઆર બેઠકનો ભારતે બહિષ્કાર કર્યો હતો. ચીનો હંમેશા ૪૮ સભ્યોના ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપમાં ભારતની એન્ટ્રી સામે વાંધો ઉઠાવ્યો છે. આ ઉપરાંત મસુદ અઝહરને આતંકવાદીઓની યાદીમાં સામેલ કરવા ભારતના પ્રયાસોને પણ અટકાવ્યા હતા. મોદીએ એસસીઓમાં ભારતના પૂર્ણ સભ્યપદ માટે સમર્થન કરવા બદલ મોદીએ ઝિંગપિંગનો આભાર માન્યો

● અનુસંધાન પાન-૭ પર

# નરેન્દ્ર મોદી-નવાઝ શરીફે પરસ્પર ખબર અંતર પૂછ્યા



File Photo

અસ્તાના,તા.૯

કઝાકિસ્તાનની રાજધાની અસ્તાનામાં પીએમ મોદી અને નવાઝ શરીફ વચ્ચે મુલાકાત થઈ હતી. ભારત પાકિસ્તાન વચ્ચે સરહદ પર તણાવ અને કુટનીતિક જંગની વચ્ચે ગુરૂવારે મુલાકાત થઈ હતી.

જીર્ઝ સંમેલન માટે અસ્તાના ગયેલા બંને દેશના વડા એક કાર્યક્રમમાં જ્યારે સામ સામે આવ્યા તો બંને વચ્ચે દુઆ સલામ થઈ હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે પીએમ મોદીએ નવાઝ શરીફને તેઓની તબિયત વિશે પૃચ્છા કરી હતી.

બાદમાં શરીફના માતા અને પરિવારના બાકી લોકો વિશેના ખબર અંતર પૂછ્યા હતાં. જો કે બાદમાં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં પીએમ મોદી અને શરીફ એકબીજાથી ખૂબ દૂર બેઠા હતાં.

બંને નેતાઓ વચ્ચે થયેલી દૂઆ સલામ બાદ વિદેશ મંત્રાલયે નિવેદન જાહેર કર્યુ કે દ્વિપક્ષીય વાતચીતનો કોઈ પ્રસ્તાવ નથી. મહત્વનું છે કે આ પહેલા વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે એલાન કર્યુ હતું કે, આતંકવાદની સાથે સાથે વાતચીત સંભવ નથી.

# પાન કાર્ડથી પણ રિટર્ન ભરી શકાશે

## જેની પાસે આધાર કાર્ડ છે તેમને પેનથી આધારને લિંક કરવાની જરૂર : સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ આદેશ : ઇન્કમટેક્સની કલમ ૧૩૯ (એએ) યોગ્ય છે : અંગતતાના અધિકાર અને બીજા પાસા પર બંધારણીય બેંચ નિર્ણય લેશે

નવી દિલ્હી,તા. ૯

સુપ્રીમ કોર્ટે આજે અતિમહત્વપૂર્ણ તારણ આપ્યું હતું. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જે લોકોની પાસે આધાર કાર્ડ નથી તે લોકો પેન કાર્ડની સાથે આઈટી રિટર્ન દાખલ કરી શકે છે. કોર્ટે આની સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, જે લોકોની પાસે આધાર કાર્ડ છે તે લોકોને પેન સાથે આધારને લિંક કરવાની બાબત કરવાની રહેશે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે, જે લોકો પાસે આધાર કાર્ડ નથી તે લોકોને આ બાબત માટે ફરજ પાડી શકાય નહીં કે, પેન સાથે આધારને લિંક કરવામાં આવે. કોર્ટે સાથે સાથે ઈન્કમટેક્સની કલમ ૧૩૯ (એએ)ને યોગ્ય ઠેરવી હતી પરંતુ સાથે સાથે કોર્ટે એમ પણ કહ્યું હતું કે જે લોકોની પાસે આધાર કાર્ડ નથી તે લોકો પેનને સરકાર ફગાવી શકે નહીં. સુપ્રીમ કોર્ટે આ મામલામાં દાખલ કરવામાં આવેલી અરજી ઉપર અગાઉ ચુકાદો અનામત રાખ્યો હતો. પેન કાર્ડ માટે આધારને ફરજિયાત કરવાના ચુકાદાની સામે દાખલ કરવામાં આવેલી અનેક અરજીઓ પર તર્કદાર દલીલો કરવામાં આવી હતી. અરજીદારોએ એવી દલીલ કરી હતી કે, સુપ્રીમ કોર્ટે

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં ચૂંટણી નહીં લડવાના 'આપ'ના સંકેતો

## ગુજરાતની બેઠકોના સંબંધમાં વિસ્તૃત રિપોર્ટ સુપ્રત : હાલ ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડવા માટે ઉતાવળ કરવી જોઇએ નહી તેવો તમામ નેતાઓનો સ્પષ્ટ અભિપ્રાય



નવી દિલ્હી,તા. ૯

હાલમાં અનેક પ્રકારના પડકારોનો સામનો કરી રહેલી આમ આદમી પાર્ટી ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી લડે તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે. પહેલા પાર્ટીએ ચૂંટણી લડવા માટેની તૈયારી કરી હતી અને ગુજરાતમાં એક મહાકાય સભા અને રેલી કરવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો. જો કે પંજાબ અને ગોવા વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની હાર થયાબાદ નિર્ણય બદલી દેવામાં આવ્યો છે. બુધવારે મોડી રાત્રે પાર્ટીના ગુજરાતના નેતા અને ગુજરાત પ્રભારી ગોપાલ રાય વચ્ચે બેઠક થઇ હતી. ગુજરાતના નેતાઓએ પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ

● અનુસંધાન પાન-૭ પર

# એસબીઆઈએ હોમ લોન વધારે સસ્તી બનાવી

## ૧૦ બેઝિક પોઇન્ટનો વ્યાજદરમાં ઘટાડો : બે મહિનાના ગાળામાં વ્યાજદરમાં બીજી વખત ઘટાડો

નવી દિલ્હી,તા. ૯

દેશની સૌથી મોટી ધિરાણ આપતી બેંક એસબીઆઈએ આજે ૭૫ લાખથી ઉપરની હોમ લોન ઉપર વ્યાજદરમાં ૧૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી દીધો હતો. આની સાથે જ આવાસની ખરીદી કરવા ઈચ્છુક લોકો માટે ખુબ સારા સમાચાર છે. એસબીઆઈએ હોમ લોનને સસ્તી કરવાની જાહેરાત કરી દીધી છે. હોમ લોનને લઈને બેંકો વચ્ચે હાલમાં જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. પગારદાર મહિલા માટે પાંચ ટકા અને અન્યો માટે ૮.૬ ટકાનો વ્યાજદર રાખ્યો છે. ૧૫મી જૂનથી આ નવા દરોને અમલી બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. બે મહિનાના ગાળામાં જ એસબીઆઈ દ્વારા વ્યાજદરમાં બીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. એસબીઆઈએ છેલ્લે ૯મી એપ્રિલ ૨૦૧૭ના દિવસે વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો.

નેશનલ બેંકિંગના મેનેજિંગ ડિરેક્ટરના કહેવા મુજબ આવાસ ખરીદવાનો નિર્ણય ખુબ મોટો નિર્ણય હોય છે. આ વ્યાજદરમાં ઘટાડાથી

● અનુસંધાન પાન-૭ પર

# યુકે ચૂંટણીમાં પ્રથમવાર મહિલા શીખ સહિત ૧ ૨ ભારતીય ચૂંટાયા

લંડન,તા.૯

શુક્રવારે યૂકેના જાહેર થયેલા સામાન્ય ચૂંટણીના પરિણામમાં ભારતીય મૂળ ૧૨ ઉમેદવારોએ વિજેતા બની ઈતિહાસ સર્જ્યો છે. બ્રિટિશ પાર્લામેન્ટના હાઉસ ઓફ કોમન્સના જાહેર થયેલા પરિણામોમાં તનમનજીત સિંહ પહેલા પાઘડી ધારક શીખ તરીકે ચૂંટાઈ આવ્યા છે. જ્યારે પ્રિત કૌરે ચૂંટાઈ આવેલી પહેલી શીખ મહિલા હોવાનું ગૌરવ મેળવ્યું છે. ભારતીય મૂળના ૧૨ સાંસદો ચૂંટાયા હોવાનો હાઉસ ઓફ કોમન્સમાં પણ આ એક રેકોર્ડ છે, અગાઉનો રેકોર્ડ ૧૦ સાંસદોનો હતો. ૧૨ પૈકી ૬ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે.



ચૂંટણીમાં તનમનજીત સિંહ ધેસી અને પ્રિત કૌર ગિલનો વિજય શીખ સમુદાયનું યૂનાઈટેડ કિંગડમના રાજકારણમાં વધતા પ્રભુત્વને દર્શાવે છે. અગાઉની પાર્લામેન્ટમાં ભારતીય મૂળના ૧૦ સાંસદો હતા. જેમાં ૫ લેબર પાર્ટી અને ૫ કંઝરવેટિવ પાર્ટીના ઉમેદવાર હતા. આ વખતની ચૂંટણીમાં પણ આ ૧૦ લોકોએ પોતાનું સાંસદ પદ જાળવી રાખ્યું છે. મહત્વપૂર્ણ છે કે ૫૦ જેટલા ભારતીય મૂળના ઉમેદવારો એવા પણ છે જેઓને ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે, થેરેસા મેએ સાત અઠવાડિયા પહેલા મિડ-ટર્મ ચૂંટણીની જાહેરાત કરીને સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા.

ધેસી અને ગિલ બંને વિપક્ષી લેબર પાર્ટીના સાંસદો છે જેઓ વડાપ્રધાન થેરેસા મેની વિરોધની પાર્ટી છે. ધેસી સ્લોઘથી વિજેતા બન્યા છે જ્યારે ગિલ બર્હિંમઘમ એડબેસ્ટનથી વિજેતા થયા છે. ટેલફોર્ડમાં કુલદિપ સહોતા જેઓ પણ પાઘડી પહેરતા શીખ ઉમેદવાર હતા, તેઓને ૭૨૦ વોટથી હારનો સામનો કરવો પડ્યો છે. ગોવા મૂળના અને લેબર નેતા કેથ વાઝ જેઓ ૧૯૮૭થી લેકસ્ટર ઈસ્ટ બેઠક પરથી ચૂંટાતા આવે છે તેમણે સરળતાથી પોતાની સીટ જાળવી રાખી છે. તેમની બહેન વેલેરી વાઝે પણ પોતાની વાલસોલ સાઉથ બેઠક જાળવી રાખી છે.

કચ્છ-સૌરાષ્ટ્ર કેરી મહોત્સવ-૨૦૧૭
100% કાર્બાઇડ ફ્રી ઓર્ગેનીક કેસર કેરી
કચ્છ-સૌરાષ્ટ્રની પ્રખ્યાત ઓર્ગેનીક કેસર કેરી મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ
ચ-૩ સર્કલ પાસે, લાયન્સ ગરબા ગ્રાઉન્ડ, સેક્ટર-૧૧, ગાંધીનગર
ખીમરાજભાઈ ગઢવી - મો. : ૯૦૩૩૭૭૩૬૧૪
ઉત્તમ પ્રકારના ફાર્મની કચ્છ-સૌરાષ્ટ્રની પ્રખ્યાત કેસર કેરીનું ખેડૂતો દ્વારા સીધુ વેચાણ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

આયુર્વેદિક દવાઓ
NAGARJUNA · BAN Since 1966 · Himalaya · ZANDU · VASU Healthcare Pvt. Ltd. · પતંજલિ · Baidyanath · Dabur · SANDU · Charak
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેક્શીકન લોન એરીયા
સિધ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઇન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુદ્ધસિંહ 98981 85149
ક-૭, રાંધેજા રોડ, મનાવા પેટ્રોલિયમની બાજુમાં, ગાંધીનગર